સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૧૨૫૧

સલામી સવારની..

અકસ્માતો દ્વારા, હવે તો રોજ થાય છે શહીદ!
નક્સલોથી પણ, પણ હવે તો રોજ થાય છે શહીદ!
છલકે રોજ આંખોનાં પાણી, વતનનાં લોકોનાં -
સરહદો પર, હવે તો રોજ, થાય છે શહીદ!

હાઈકુ

વેંચાઇ ગઇ!
સીટો રાજસભાની -
ઊંચી બોલીમાં..

હતા રૂપાળા!
મૂકાયા મર્યાદામાં -
પુરૂષોત્તમ!

ચિંતન

આજ્ઞા કીર્તિઃ પાલનં બ્રાહ્મણાનાં દાનં ભોગો મિત્ર રક્ષણં ચ ।
યેષામેતે ષડ્ગુણા ન પ્રવૃત્તાઃ કો અર્થ સ્તેષાં પાર્થિવોપાશ્રયેણ ॥

ભતૃહરિના નીતિશતકનો આ શ્લોક રાજયના સત્તાધીશ અધિકારીઓમાં કેવા સદ્ગુણો હોવા જરૂરી છે એ કહે છે :

'આજ્ઞાંકીત, પરાક્રમ-સાહસ દ્વારા પ્રાપ્ત કરેલી સિદ્ધિ-કીર્તી વિદ્વાનો-પંડિતો-જ્ઞાની (બ્રાહ્મણો)નું પાલન-પોષણ અને રક્ષણ, દાન આપવાની શુદ્ધ વૃત્તિ, યોગ્ય પ્રમાણમાં ભોગ-વિલાસ, અને મિત્રો-સાથીઓનું સંરક્ષણ - આ છ ગુણ ન હોય તો કોઇ પણ વ્યક્તિ-અધિકારી-પદાધિકારી-ને રાજયાશ્રયથી શું લાભ? અર્થાત્ આવા ગુણ ધરાવનાર જ રાજકૃપાના અધિકારી છે.'

રાજકૃપા-આશ્રય-માન-સન્માન કોને મળે રાજાના અધિકારીઓ આજ્ઞાંકિત હોવા જોઇએ કાયદા અને નીતિ-નિયમોનું ચૂસ્ત પાલન કરનારા નીતિ-માન હોવા જોઇએ. કાયદા અને નીતિ-નિયમોનું ચૂસ્ત પાલન કરનારા નીતિ-માન હોવા જોઇએ. રાજયના વિદ્વાન-પંડિતો-કલાકારો વૈજ્ઞાનિકોની કદર કરી તેમનું માન સન્માન કરે,

જે વેપારી-સૈનિકો-વીરપુરૂષો-રમતવીરો પોતાનાં પરાક્રમ બળથી રાજય-દેશની ઉન્નતિ માટે સાહસ-પરાક્રમ-વીરતા બતાવે છે એમનું પ્રોત્સાહન કરે-પાલન કરે. લોભી-કંજૂસવૃત્તિ ન હોય યોગ્ય પ્રમાણમાં જ આનંદ-પ્રમાણ મનોરંજન કરે-કરાવે-સાથી મિત્રો હિતેચ્છુઓની કદર કરે.

સુવિચાર

- સંત પોતાને ભગવાનનો સમજીને સંસારનું કામ કરે તો સંસારનું કામ પણ ઠીક થશે અને ભગવાનનું પણ, પરંતુ પોતાને સંસારનો માનીને સંસારનું કામ કરે તો સંસારનું કામ પણ ઠીક નહીં થાય અને ભગવાનનું કામ (ભજન) તો થશે જ નહીં - *જનકલ્યાણ*
- ભગવાન હઠથી નથી મળતા પણ સાચી લગની (મીરાબાઇ કે નરસિંહ મહેતા જેવી) થી મળે છે - *એસ. મહાચાર્ય*
- ભલાઇ કરવાની એટલી આવશ્યકતા નથી જેટલી બુરાઇનો ત્યાગ કરવાની આવશ્યકતા છે, બુરાઇનો ત્યાગ કરવાથી ભલાઇ આપોઆપ થશે, કરવી નહીં પડે - *ફ્રાઇર બાર્કેસ*
- કોઇ પણ અવસ્થામાં રાજી થવું એ ભોગ છે... ભોગથી વ્યક્તિત્વ મટતું નથી. તેથી સંતોએ કોઇ પણ અવસ્થામાં રાજી થવું જોઇએ નહીં - *અમૃતબિંદુ*
- જેવી રીતે સૂર્ય દ્વારા સૌને સમાન રીતે પ્રકાશ આપે છે... તેવી જ રીતે સંતો મહાત્માઓ સૌનું સમાન હીત કરે છે - *આચાર્ય જીનચંદ્ર સુરીશ્વરજી*
- નાશવંતની ગુલામી જ અવિનાશીની સન્મુખ થવામાં અડચણ રૂપ છે - *જૈન કથન*
- જે સંસારની ગરજ કરતો નથી, તેની ગરજ સંસાર કરે છે, પરંતુ જે સંસારની ગરજ કરે છે, તેને સંસાર ચૂસીને ફેંકી દે છે - *ધર્મસૂત્ર*

(સંકલન : દીપક બી.આસારા)

બોધ કથા

દુઃખ મે સુમિરન સબ કરે સુખ મેં કરે ન કોય । જો સુખ મે સુમિરન કરે તો દુઃખ કાહે કો હોય? ॥

એક દસ પંદર માળની બિલ્ડીંગ બંધાતી હતી. આમા વચલે માળે એક આળસુ મજૂર ત્યાં ઘસવાને બદલે આરામથી બીડી પીતો તડકો લેતો હતો. કોન્ટ્રેક્ટર-ફજનેરનું ઉપરના દસમે માળેથી ધ્યાન ગયું એને એને 'પ્રવૃત્ત થવા' બૂમ પાડી, સૂચના આપી. પણ પેલાને પોતાની ધૂનની મસ્તીમાં કંઇ સંભળાયું નહીં. કાનમાં મ્યુઝીક સિસ્ટમ પણ ભરાવી હતી. ફજનેર ઉપરથી એને વાગે એમ પાંચનો સિક્કો નાખ્યો.

મજૂરે એ સિક્કો નીચે ન પડી જાય એમ તરત ઉંચકી લઇ ખિસ્સામાં મૂકી દીધો પણ સિક્કો ક્યાંથી કેમ આવ્યો એની દરકાર પણ ન કરી. ઊંચે ન જોયું.

પછી ફજનેરે દસનો સિક્કો નાખ્યો-એના પણ એવા જ હાલ થયા. મજૂર પોતાની મસ્તીમાં જ બેઠો હતો. કામ કરતો ન હતો.

ફજનેર હવે ગુસ્સે થયો એક નાનો પથ્થર ઉપાડી મજૂરને માથે માર્યો. મજૂર સિસ્ટમમાંથી આવી હવે ઉપર જોયું. ફજનેરે પ્રવૃત્ત થવા ઇસારાથી સૂચના આપી.

આપણું પણ આવું જ ઇશ્વરે આપેલું કામ કરતા નથી. ઇશ્વર જે નાની મોટી ખૂશીઓ આપે તે કોણે આપી એ યાદ કર્યા વિના ભોગવ્યા કરીએ છીએ. પણ દુઃખનો પથ્થર લાગે ત્યારે જ ભાન આવે છે.

Email - sureshchandrabhatt18@gmail.com

સમુ મનોમન ભગવાનને પ્રાર્થના કરે છે કે ભગવાન અમારી કસોટી શા માટે કરી રહ્યા છે

પરોપકાર

- નિરંજન ઓઝા

ભાવનગર જીલ્લાના વલ્લભીપુર તાલુકાના નાળિયા ગામમાં નાથો અને સમુ તેનાં પાંચ વર્ષનાં દીકરા સાથે ઘણાં જ સમયથી રહે છે. ખેતરનું કામ, પાણી વાળવું તેમજ ગામ લોકોના ઘરના નાના મોટા કામ કરી પોતાનું ગુજરાન કાળી મજુરી કરીને કરી રહ્યા છે. થોડાક સમય તો કુટુંબનું જીવન બરોબર ચાલ્યું પરંતુ એક દિવસ ખેતરમાં કામ કરતાં કરતાં નાથાને ચક્કર આવીને પડી ગયો. આજુબાજુ કામ કરતાં ભાઇઓ, નાથાની મદદે આવી, ઘરે પહોંચાડ્યો, અઠવાડિયું ગામના ડોકટરની દવા લીધી, પરંતુ કંઇ ફેર ન પડતાં ડોકટર સાહેબે શહેરના કોઇ મોટા ડોકટરને દેખાડવાની ભલામણ કરી, તદાનુસાર નાથો અને સમુ, ભાવનગર શહેરની પ્રસિદ્ધ સર તખ્તેસ્વર સરકારી હોસ્પિટલમાં આવે છે. ડોકટર સાહેબ નાથાને તપાસ્યા બાદ, એમ. આર.આઇ.(MRI) તથા એક્સ-રે (X-ray) રીપોર્ટ કઢાવી લાવવા સુચના આપી. આ સાંભળી સમુના માથે જાણે વીજળી પડી હોય તેવો અહેસાસ થયો. નાથો તથા સમુ ત્યારબાદ એક જગ્યાએ આવી બેસે છે. સમુ મનોમન ભગવાનને પ્રાર્થના કરે છે કે ભગવાન અમારી કસોટી શા માટે કરી રહ્યા છે.

તમે જાણો છો તેમ અમારી સ્થિતિથી તો પરીચીત છો. ઉપર આભ અને નીચે ધરતી અને આપની સહાયથી જીવન પસાર કરી રહ્યા છીએ. અમારો લાડલો હજુ નાનો છો. ભગવાન તમારા સેવકની મદદે આવી, અમને આ કપરાં સમયમાંથી બહાર બેઠા કરો પ્રભુ? મનોમન સમુ આંખ બંધ રાખીને પ્રાર્થના કરી રહી છે. ત્યાં તેની બાજુમાં બેઠેલા એક આંગતુકે સમુને પુછ્યું કે, "બહેન શું ચિંતામાં છો? મને જણાવો જો થઇ શકશે તો તમને હું જરૂરથી મદદ કરીશ, સંકોચ રાખતાં નહીં."

આ સાંભળી, તે તંદ્રામાંથી જાગતી હોય તેમ સમુને લાગ્યું કે મારી પ્રાર્થના પ્રભુએ સાંભળી અને નક્કી કોઇ ફિરસ્તાને મદદ માટે મોકલ્યો લાગે છે. આથી આગંતુકના પ્રશ્નનો જવાબ આપતાં, અમુ જણાવે છે કે તમારા ભાઇની દવા ગામમાં કરાવી, પરંતુ ફેર ન પડતાં, ડોકટર સાહેબ શહેરમાં જઇ મોટા ડોકટર સાહેબને દેખાડવા ભલામણ કરી હતી. તેથી અહીં ડોકટર સાહેબને દેખાડ્યું. તેમણે પહેલાં એમ.આર.આઇ. (MRI) તથા એક્સ-રે (X-ray) રીપોર્ટ કાઢી લાવવા કહ્યું છે, અમે ગામમાં મજુરી કરી દિવસો પસાર કરીએ છીએ અને અમારી પાસે આવા રીપોર્ટ કઢાવવા પૈસા પણ નથી તેથી હું ભગવાનને પ્રાર્થના કરતી હતી કે હવે શું કરવું? બોલો ભાઇ આ અમારી કહાની છે તેથી હું વિચારમાં હતી.

આ સાંભળી આગંતુકએ કહ્યું કે બહેન તમે બિલકુલ ચિંતા કરતા નહીં. ચાલો મારી સાથે આપણે રીપોર્ટ કઢાવી લાવીએ. આમ થોડા સમય પછી રીપોર્ટ આવી જતાં, સમુ આગંતુકને પ્રશ્ન કરે છે કે ભાઇ તમે અમને ઓળખતાં નથી અને અમે તમને ઓળખતાં નથી તો આનું રહસ્ય અમને સમજાવો? આગંતુક પોતાના પર વિતેલ ત્રાસનું વર્ણન કરતાં જણાવે છે કે મારૂં નામ રહીમ ચાચા છે અને બાજુના ગામમાં રહું છું. આજથી આસરે ત્રણેક વર્ષ પહેલાં ગામમાં હું શિક્ષક તરીકે કામ કરતો હતો મારી નીચે ઘણાં જ વિદ્યાર્થીઓ ભણતા હતા અને આજે સારી સ્થિતિ છે. એક દિવસ સાંજના અંધારૂં થતાં, તોફાન ફાટી નીકળ્યા. જે વિદ્યાર્થીઓને મેં ભણાવ્યા હતા તેઓ અમને મારવા આવ્યા હતા. મારી પત્ની તથા બે બાળકોને હું બચાવી શક્યો નહિ પરંતુ હું ભાગી છૂટ્યો. હું આગળને મારી પાછળ મોટું ટોળું. ભાગતાં ભાગતાં એક જગ્યાએ, માજી બહાર બેઠા હતા. તેને મેં મારી મુશ્કેલી કહી અને બચાવી લેવા વિનંતી કરી, માજીએ કહ્યુ, બેટા જા મારી ઓરડીમાં જતો રહે, ટોળું આવશે તો પહેલાં હું મરીશ અને પછી તને મરવા દઇશ માટે કોઇ ચિંતા કર્યા સિવાય અંદર જતો રહે. ટોળું તે દરમિયાન માજી પાસે આવી મને બહાર કાઢવા તોફાન કરવા લાગ્યું. ત્યારે અડીખમ માજીએ ટોળાને કહ્યું કે પહેલા મને મારો અને પછી મારા દીકરાને મારજો. માજીનું આવું કડક વલણ જોઇ, ટોળું પાછું ફર્યું. હું માજીનો આભાર માની, ત્યાંથી ગામ છોડી ભાગી ગયો. આ મારી કહાની છે. હાલમાં મારી પાસે થોડાંક પૈસા તથા જમીન છે તેથી તેમાંથી તન, મન અને ધનથી શક્ય તેટલી મદદ કરૂં છું કે જેથી મારા મૃત કુટુંબીજનોને શાંતિ મળી રહે. આમ કહી જરૂર પડે તો આ ભાઇની યાદ કરજો એમ કહી પ્રસ્તાન કરે છે.

સમુ, આ ફિરસ્તાએ કરેલી પરોપકારી કાર્યનું "પરોપકાર" વાગોળતી - વાગોળતી તેને નિહાળી રહી છે.

આયુર્વેદ મુજબ શરીરની સાત ધાતુઓના પરમસાર સ્વરૂપે ઓજસ ઉત્પન્ન થાય છે, જો ઓજસ છે તો જીવન છે, ઓજસ નથી તો મૃત્યુ છે

હૃદયની ખામી નિરામય

- ડો. કેદાર ઉપાધ્યાય

હૃદય.. ચેતનાનું અધિષ્ઠાન... લાગણીઓનું કેન્દ્ર... એક એવો અજાયબ પમ્પ કે જે બાળક ગર્ભ સ્વરૂપ હોય ત્યાંથી ધબકવાનું શરૂ કરે કે મૃત્યુપર્યન્ત સતત અવિરત ધબકે, શરીરના દરેક અંગોને રક્તરૂપી પોષણ પુરૂષ પાડે. સામાન્યતઃ આપણા શરીરને ૨૪ કલાકમાંથી ૬-૭ કલાક આરામની જરૂર પડે છે. જો હૃદય અમક સેકન્ડ માટે પણ આરામ કરે તો શું હાલત થાય ?... કદાચ આપણને પરમ આરામ મળી જાય...!

આયુર્વેદમાં આ અજાયબ હૃદય વિશે ખૂબ લખાયેલ છે. તે ચેતનાનું સ્થાન તો છે જ, આ ઉપરાંત તે ઓજસનું પણ સ્થાન છે, આયુર્વેદ મુજબ શરીરની સાત ધાતુઓના પરમસાર સ્વરૂપે ઓજસ ઉત્પન્ન થાય છે. જો ઓજસ છે તો જીવન છે, ઓજસ નથી તો મૃત્યુ છે. આવા અગત્યના ઓજસનું સ્થાન આયુર્વેદ મત મુજબ હૃદય છે. વળી, હૃદયને લાગણીઓ સાથે પણ સીધો સંબંધ છે. પ્રેમ, ભય, વિષાદ, આનંદ આદિ લાગણીઓ વખતે હૃદયનાં ધબકારામાં થતા ફેરફારો સૂચક છે. આથી જ કદાચ હૃદય એ પ્રેમનો Direct Representative) છે.

આ હૃદયમાં ઘણી વખત ખામી સર્જાય છે. આ ખામીઓ ક્યારેક રચનાગત, તો ક્યારેક ક્રિયાગત હોય છે. હૃદયની રચનામાં ફેરફાર કે તેની રચના બગડવાથી હૃદયનું કાર્ય કુદરતી રીતે ન થાય તેને રચનાગત ખામી કહી શકાય. રચનાગત ખામી કષ્ટસાધ્ય હોય છે. મોટા ભાગના કિસ્સાઓમાં સર્જરી કરાવવી પડે તેવી શક્યતાઓ સર્જાય છે. આજે એવી એક રચનાગત ખામી વિષે જાણીએ. આ ખામીઓ એટલે "માઇટ્રલ સ્ટેનોસીસ." આ ખામીમાં હૃદયનો વાલ્વ સાંકડો થઇ જાય છે. આપણા હૃદયમાં અમુક પ્રકારના વાલ્વ રહેલા છે. જે હૃદયમાં રક્ત ને ઉપરથી નીચે તરફ ગતિ કરવા માટે ખૂલે છે પણ એ રક્ત ફરી નીચેથી ઉપર તરફ ગતિ ન કરે એ માટે બંધ થઇ જાય છે. હૃદયમાંના માઇટ્રલ વાલ્વના છિદ્રનો વ્યાસ સામાન્યતઃ ૫ સે.મી. હોય છે જયારે આ વાલ્વ રોગગ્રસ્ત કે ખામીયુક્ત થાય ત્યારે વાલ્વ સંકોચાઇ જાય છે અને તેનો વ્યાસ ૨ થી ૫ સે.મી. જેટલો જ રહે છે. વળી, આ વાલ્વનો પડદો પણ વ્યવસ્થીત બંધ થઇ શકતો નથી આથી અનેક તકલીફો સર્જાય છે.

માઇટ્રલ સ્નેટોસીસનાં મુખ્ય લક્ષણો જોઇએ તો... શ્વાસ કષ્ટતા... વાલ્વની ખામીને કારણે રક્તનું પરિભ્રમણ પુરતી માત્રામાં થતું નથી આથી યોગ્ય માત્રામાં ઓક્સિજન ન મળવાને કારણે શ્વાસ લેવામાં તકલીફ પડે છે. શરૂઆતમાં દોડવાથી - કસરત કરવાથી હાંફ ચડે કે ગભરામણ થાય. ત્યાર બાદ ચત્તા સુવાથી પણ ગભરામણ થાય અને આખી રાત બેઠા રહેવું પડે, સુઇ ન શકાય. આ ઉપરાંત હૃદયનાં ધબકારા વધી જાય, સિઝન બદલાય ત્યારે ખાસ કરીને શરદી-ખાંસી થાય, તથા ગળફા નીકળે ક્યારેક ગળફા સાથે લોહી પણ પડે, ધીમે-ધીમે સમયાંતરે દર્દોમાં અશક્તિ આવે, દર્દી દુબળો, પાતળો, ફિક્કો જણાય, શ્વાસ ચડે અને કામ કરવાની શક્તિ ન રહે, છાતીમાં દુઃખાવાની પણ ફરિયાદ થાય.

માઇટ્રલ સ્ટેનોસીસ ને સાદા કે ઇકોકાર્ડીયોગ્રામ દ્વારા પારખી શકાય છે. ઉપરોક્ત લક્ષણોમાંથી કોઇ લક્ષણ વારંવાર થતું જણાય તો ત્વરીત ચિકિત્સક પાસે પહોંચવું સલાહભર્યું છે.

આ રોગની ચિકિત્સાની વાત કરીએ તો આધુનિક વિજ્ઞાનમાં ડીજીટાલીસ જેવા ઔષધોનો ઉપયોગ થાય છે. હૃદય વધારે પડતું પહોળું થાય તો 'વાલ્વેકટોમી' નામે ઓપરેશન અથવા તો વાલ્વને પહોળો કરવા માટેની સર્જરી કરવા માટેની સલાહ આપવામાં આવે છે.

જયારે રચનાગત ખામી હોય ત્યારે આધુનિક વિજ્ઞાન અને આયુર્વેદના સમન્વયથી ચિકિત્સા કરવી વધુ યોગ્ય જણાય છે. આયુર્વેદમાં વાસા, અર્જુન, દશમૂળ, શિલાજીત, સિતોપલાદી, નવજીવન રસ આદિ ઔષધોનો યોગ્ય માત્રામાં ઉપયોગ કરવાથી સુંદર પરિણામો મળી શકે. એટલું અનિવાર્ય છે કે આ રોગમાં નિયત સમયે પરિક્ષણ તેમજ ચિકિત્સકીય માર્ગદર્શન લેતા રહેવું. ચિકિત્સકો દ્વારા જે સલાહ-સૂચનો તેમજ ઔષધ પ્રયોગો આપવામાં આવે તેને અનુસરવા તેમજ હૃદય માટે હિતકર તેવા આહાર-ઔષધો પ્રયોજવા.

શિક્ષક અને શિક્ષણકાર્ય માટેનાં કેન્દ્રવર્તી વિચારો

શિક્ષકની ભૂમિકા અને દૃષ્ટિકોણ

- હર્ષદ પ્ર. શાહ

સમાજ-ઘડતરનું પાયાનું કામ શિક્ષક દ્વારા થાય છે. શિક્ષક સમાજ- ઘટકોનો શિલ્પી છે. એણે વિદ્યાર્થીઓને જીવન જીવવાની કળા શીખવવાની છે. રાષ્ટ્રના સૂત્રધારો નિર્માણ કરવાનું અતિ મહત્વનું કામ એણે કરવાનું છે. રાષ્ટ્રનિર્માણમાં જેની ભૂમિકા આટલી મહત્ત્વની હોય એણે પોતે કેવાં હોવું જોઇએ- બનવું જોઇએ? આ બાબતને લક્ષમાં રાખી અહીં શિક્ષકનું શબ્દચિત્ર દોરવા પ્રયત્ન કર્યો છે.

૧. મનુષ્ય નિર્માણ

દરેક રાષ્ટ્રને-સમાજને શ્રેષ્ઠ મનુષ્યોની આવશ્યકતા હોય છે. મનુષ્યને જન્મ આપવો સહેલો છે. જીવન આપવું અઘરું છે. જીવનને શ્રેષ્ઠ બનાવવા માટે અનેક ગુણો- સંસ્કારોની જરૂર હોય છે. જે ગુરુ વિના સહજ નથી. માતા મનુષ્યની પ્રથમ ગુરુ છે, શિક્ષક બીજો ગુરુ છે. માત્ર માહિતી આપી દેવી, વિષયોનું જ્ઞાન આપી દેવું, ડિગ્રી અપાવી દેવી- એટલું જ શિક્ષકનું કામ નથી. એનામાં ગુણોનું સંવર્ધન અને દોષોનું નિરસન કરવાનું કામ શિક્ષકનું છે. મનુષ્યના દોષરૂપી ખૂણા ઘસી, પહેલ પાડી ચમકાવવાનું કામ શિક્ષકનું છે. પણ મનુષ્ય ઉપદેશથી શીખે છે તે કરતાં ઉદાહરણથી વધુ શીખે છે. એની સમક્ષ આદર્શ ઉપસ્થિત થવો ખૂબ જરૂરી છે. વિદ્યાર્થી ઘણા વર્ષો સુધી શિક્ષકની સાથે રહે છે માટે શિક્ષક પોતે જો આદર્શરૂપ બને તો વિદ્યાર્થી પણ સાચી દિશામાં આગળ વધે છે. સ્વામી વિવેકાનંદ, રવીન્દ્રનાથ ઠાકુર, વિનોબા ભાવે જેવા અનેક મહાપુરુષોએ મનુષ્યનિર્માણની પ્રક્રિયાને વેગવાન બનાવવાનું પ્રબોધ્યું છે.

૨. શિક્ષક શ્રેષ્ઠ નાગરિકધર્મ બજાવતો જાગ્રત પ્રહરી હોવો જોઇએ

કોઇપણ સભ્ય સમાજનાં બે આધારભૂત પરિબળો છે- સંસ્કૃતિ અને સભ્યતા. પેઢી દર પેઢી ભાવનાઓનું અનુસંધાન અને હસ્તાંતર થતાં તે સમાજની સંસ્કૃતિ બને છે. સંસ્કૃતિના પ્રગટીકરણનું માધ્યમ વ્યક્તિ છે જે સંસ્કાર સ્વરૂપે પ્રગટ થાય છે. સંસ્કૃતિનું વ્યક્તિકરણ સંસ્કાર છે અને સંસ્કારનું સામુહિકીકરણ સંસ્કૃતિ છે. સંસ્કારનું આયુષ્ય વિયક્તિના આયુષ્ય જેટલું છે, જે નાશવંત છે. સંસ્કૃતિનું આયુષ્ય જેટલું છે જે નાશવંત છે. સંસ્કૃતિનું આયુષ્ય સમાજના આયુષ્ય જેટલું છે. જે શાશ્વત છે. છતાં એ નિશ્ચિતપણે કહી શકાય કે સંસ્કાર અને સંસ્કૃતિનો પારસ્પરિક સંબંધ અતૂટ અને અનિવાર્ય છે. વ્યક્તિ-વ્યક્તિને સંસ્કારિતા કરતા રહેવાથી જ સંસ્કૃતિ જળવાી રહે છે અને સંવર્ધિત થાય છે. સભ્યતા પણ વ્યક્તિ સાથે જોડાયેલું એવું તત્વ છે, જેની અસર વ્યાપકપણે સમગ્ર સમાજ ઉપર થાય છે. મહદંશે વર્ચ્ચિતની વર્તણૂક અને વાણી દ્વારા સભ્યતા પ્રગટ થાય છે. અંગ્રેજીમાં જેને Civil Sence કહેવાય છે, તે સભ્યતાનો એક ભાગ છે. ઘરમાં અને બહાર સ્વચ્છતા રાખવી, સરસ અને સભ્ય વાણીમાં વ્યવહાર કરવો અને પર્યાવરણને શુદ્ધ રાખવા સજગ રહેવું- આ બધી બાબતો સભ્યતા કહેવાય છે. કેળવણી દ્વારા આનાં પાઠ શીખવી શકાય.. અને માટે જ સંસ્કાર અને સંસ્કૃતિ, તેમજ સભ્યતાની વાત આવે એટલે માતા અને શિક્ષકની ભૂમિકા યાદ આવે.

૩. રાષ્ટ્રીય સ્વાભિમાન

કોઇપણ શિક્ષક માટે ખૂબ જ મહત્વની બાબત છે- વિદ્યાર્થીમાં આત્મગૌરવ અને રાષ્ટ્રગૌરવ જગાડવું તે. રાષ્ટ્ર અને વ્યક્તિનો સંબંધ અતૂટ છે, જેવો સિંધુ અને બિંદુનો છે. રાષ્ટ્રના સત્વથી વ્યક્તિ ઓળખાય છે અને વ્યક્તિના વ્યવહારથી રાષ્ટ્ર ઉન્નત બને છે. રાષ્ટ્રનું અહિત થાય એવું કંઇ જ ન કરવું જોઇએ. એવાં સંસ્કાર આદર્શ શિક્ષજ જ આપી શકે. રાષ્ટ્રના ગુણ અને દોષના સંપૂર્ણ પણે જવાબદાર એના નાગરિક છે. પોતાના રાષ્ટ્રની ટીકા કે એનો ઉપહાસ કોઇ સ્વાભિમાની વ્યક્તિ સહન નહીં કરી શકે. દેશભક્તિ અને દેશાભિમાન એ કોઇપણ વ્યક્તિની મહામૂલી મૂડી છે. એનું જતન અને સંવર્ધન કરવું જોઇએ. India નહીં, ભારત- એ આપણી સાચી ઓળખ છે. આપણી સહી દ્વારા આપણે લેખિત સ્વરૂપે અભિવ્યક્ત થઇએ છીએ. માટે આપણી સહી આપણી ભારતીય ભાષામાં જ કરવી જોઇએ એવો આગ્રહ સેવવો એ પણ રાષ્ટ્રીય સ્વાભિમાનનો જ એક ભાગ છે. રાષ્ટ્રનો ઈતિહાસ, પરંપરા, સંસ્કૃતિ, સભ્યતા, મહાન પૂર્વજોનો પરિચય- આ બધું રાષ્ટ્રીય સ્વાભિમાન જગાડવા માટે જાણવું જરૂરી છે. વ્યક્તિ રાષ્ટ્રની મહેકથી, સુરભિથી અલિપ્ત રહી શકે નહીં.

૪. અધ્યયનશીલતા

શિક્ષકે કેળવવા જેવો આ પાયાનો ગુણ છે. આપણા શાસ્ત્રોમાં કહ્યું છે - ***સ્વાધ્યાયાન્મોપ્રમદિતવ્યં ।*** અર્થાત સ્વાધ્યાય કરવામાં પ્રમાદ કરવો નહીં. અધ્યયન કરવાથી જ માહિતીનું રૂપાંતર જ્ઞાનમાં અને જ્ઞાનનું રૂપાંતર વ્યવહારમાં કરી શકાય છે. નિરંતર સ્વાધ્યય કરવાથી દૃઢીકરણ થાય છે. પરિણામે આત્મવિશ્વાસ વધે છે. અધ્યયનશીલ શિક્ષકના મુખ પર આત્મવિશ્વાસનું તેજ હોય છે અને તેથી તે વર્ગને સ્વર્ગ બનાવી શકે છે. શિક્ષકની અધ્યયનશીલતા એના જ્ઞાનની નિતનવી ક્ષિતીજો ખોલી આપશે. એથી એનામાં સમગ્રતાનો ગુણ ખીલશે અને વિદ્યાર્થીનું ઘડતર વધુ સારી રીતે કરી શકશે. ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે પ્રબોધ્યું છે- ***તદ્વિદ્ધિ પરિપ્રશ્નેન પ્રણિપાતેન સેવયા ।*** જિજ્ઞાસા, વિનમ્રતા અને સેવાભાવ એ ત્રણ જ્ઞાનપ્રાપ્તિનાં માર્ગો છે. વિદ્યાર્થીઓમાં જિજ્ઞાસા ઉત્પન્ન કરવી અને એનું સમાધાન કરવું- આ કામ અધ્યયનશીલ શિક્ષક જ શ્રેષ્ઠ રીતે કરી શકે.

૫. જીવનનું સમગ્રદર્શન

પરમકૃપાળુ પરમાત્માએ આપણને સુંદર જીવન આપ્યું છે. જીવનને એની સમગ્રતાથી જાણવું અને માણવું જોઇએ. જીવનનાં રહસ્યો અસીમ અને અગાધ છે. ખંડ-ખંડમાં જોવાથી એ નહીં સમજાય. પ્રકૃતિ અને પરમાત્મા સાથે એકરૂપ થવાથી જ આપણે એના અંશરૂપ છીએ એ સમજાશે. શિક્ષક પાસેથી એ અપેક્ષા છે કે એ કોઇ વિષય પૂરતો સીમિત ન રહે. એની ગ્રહણ શક્તિ અને જ્ઞાન પીપાસા એટલી તીવ્ર હોય કે એ કોઇપણ વિષયને સ્પર્શી શકે. કોઇપણ વિષય એના માટે અવિષય ન હોય. શિક્ષક પૂર્ણત્વના માર્ગ પર ચાલતાં ચાલતાં શ્રેષ્ઠત્વને પામવાની પ્રબળ સંભાવના હોય છે. શિક્ષકે આરાધવા જેવું એક અદ્ભુત સૂત્ર છે- ***શિવો ભૂત્વા શિવં યજેત્ ।*** શિવને ભજતાં ભજતાં સ્વયં શિવ હોવાની અનુભૂતિ કરવી- શિવોડહં । શિક્ષણ વાસ્તવમાં 'સત્યમ શિવમ અને સુંદરમ'નો ત્રિવેણી સંગમ છે, એ સમગ્ર છે, સંપૂર્ણ છે. માટે એની સાચા અર્થમાં ઉપાસના કરતો શિક્ષક એ ત્રિવિધ સત્યને પામે છે. માટે શિક્ષકે 'શિક્ષણની સમગ્રતા અને સમગ્રતાનું શિક્ષણ' એ ધ્યેયસૂત્રને પોતાના દૃષ્ટિક્ષેત્રમાં સમાવીને શિક્ષણકાર્ય કરવું.

૬. માતૃભાષાનું ગૌરવ

સદૈવ- હરપળ યાદ રાખવા જેવી બાબતે એટલે- 'માતા, માતૃભાષા અને માતૃભૂમિનું સ્થાન આપણા જીવનમાં અનન્ય છે.' કોઇપણ વિષયને મનપ્રદેશમાં ગોઠવવા માટેનું પ્રવેશ દ્વાર 'માતૃભાષા' છે. ગ્રહણ શક્તિનું ઉદ્ગમબિંદુ 'માતૃભાષા' છે. સમજણના સાગરને પામવાની ગુરુચાવી 'માતૃભાષા' છે. સ્નેહ અને સંવેદનાની સરિતાનો શાલિગ્રામ 'માતૃભાષા' છે.

શિક્ષકનું સર્વાધિક મહત્વનું કર્તવ્ય છે- વિદ્યાર્થીને પોતાનીમાતૃભાષાનું ગૌરવ કરતાં શીખવવું. માતૃભાષાના મજબૂત પાયા પર અન્ય ભાષાઓની ઊંચી ઈમારત ચણી શકાય. સંસ્કાર પ્રક્રિયા પણ માતૃભાષામાં જ થઇ શકે. કોઇપણ વિષય માતૃભાષામાં જ અધિકતમ સ્પષ્ટ થઇ શકે કારણ કે શબ્દ, અર્થ અને ભાવનો સમન્વય સહજ રીતે અને શીઘ્રતાપૂર્વક થાય છે અને માટે જ માતૃભાષામાં શિક્ષણ પ્રક્રિયા કરવાથી વિદ્યાર્થી ઝડપથી ગ્રહણ કરે છે. દુનિયાની બધી ભાષા શ્રેષ્ઠ છે. શીખવી જોઇએ... પણ માતૃભાષાના ભોગે નહીં. આંખ વેચીને ચશ્માં ન ખરીદાય.

વિજ્ઞાન, ગણિત કે અન્ય કોઇપણ વિષય ભણાવનાર શિક્ષકની માતૃભાષામાં અભિવ્યક્તિ જો ધારદાર અસરકારક હશે તો એણે ભણાવેલો વિષય વિદ્યાર્થીઓને જલ્દી સમજાશે.

માટે 'ગુજરાતી ભાષા સંવર્ધન અભિયાન'નો મુખ્ય ઉદ્દેશ એ જ છે કે પ્રત્યેક શિક્ષકને માતૃભાષા પ્રત્યે સજગ અને સજ્જ કરવો. એનો માતૃભાષા પ્રત્યેનો પ્રેમ શિક્ષણક્ષેત્રે ક્રાંતિ સર્જશે.

૭. ભવ્ય દિવ્ય ભારતના ઈતિહાસ પ્રત્યે ગૌરવની ભાવના

કોઇપણ વ્યક્તિએ એના રાષ્ટ્રનો ઈતિહાસ જાણવો જોઇએ, કારણ કે ઈતિહાસ એ રાષ્ટ્રની ધરતી સાથેનું જોડાણ કરે છે. ભારત તો વિશ્વગુરુ છે. વિશ્વનાં બધાં રાષ્ટ્રો ભારત પાસેથી જ્ઞાન-વિજ્ઞાન પામ્યાં છે. ભારતની દિગ્વિજયી સંસ્કૃતિ અને એની વૈશ્વિકતાના ચિહ્નો વિશ્વભરમાં પથરાયેલાં પડ્યાં છે. ભારતની વ્યક્તિએ ક્યારેય હીનભાવ અનુભવવાની જરૂર નથી. મહાન સાંસ્કૃતિક વારસાનો એ વારસદાર છે. આ દેશમાં કપિલ, કણાદ, ચરક, સુશ્રુત, ભારદ્વાજ, નાગાર્જુન, આર્યભટ્ટ, ભાસ્કરાચાર્ય, બ્રહ્મગુપ્ત, વરાહમિહિર, શ્રીધરાચાર્ય અને મહાવીરાચાર્ય જેવા શ્રેષ્ઠ વિજ્ઞાનીઓ, ગણિતજ્ઞો, ખગોળ વિજ્ઞાનીઓ અને આયુર્વેદાચાર્યો થયા. જગદ્ગુરુ શંકરાચાર્ય, સ્વામી વિવેકાનંદ, રામાનુજાચાર્ય, સ્વામી રામતીર્થ તથા સ્વામી દયાનંદ સરસ્વતી જેવા આધ્યાત્મપુરુષો થયાં. સંત જ્ઞાનેશ્વર, સંત તુકારામ, સમર્થ સ્વામી રામદાસ, સંત તુલસીદાસ કબીર અને ગુરુ નાનક જેવા દિશાબોધક મહાન સંત-મહાત્માઓ થયા. ગુરુ ગોવિંદસિંહ, છત્રસાલ, શિવાજી મહારાજ, રાણા પ્રતાપ, ઝાંસીની રાણી અને વીર દુર્ગાદાસ જેવાં મહાપરાક્રમી રત્નો અહીં પાક્યાં. ભારતનો રત્નગર્ભા વસુંધરા છે. બધા પ્રકારનાં માનવીય ગુણો અને સામાજિક મૂલ્યો માટે અહીં અગણિત આદર્શો ઊભાં થયાં છે. આ રામ અને કૃષ્ણ જેવા મહામાનવોની ભૂમિ છે. અહીંનો વારસો ભવ્ય અને દિવ્ય છે. વિદ્